ખાલી જગ્યાઓની આડમાં બેફામ ભ્રષ્ટાચાર, 'રેટ કાર્ડ' જેવી સ્થિતિ

# સુરત સિટી સરવેમાં 'ટકાવારી રાજ'

**કેમ્પસમાં** જ ACBની કચેરી કાર્યરત હોવા છતાં સિટી સરવે કચેરીમાં ખુલ્લેઆમ સોદાબાજી

**અરજદારોની** લાચારી: કોઈ રાજી ખુશીથી, કોઈ મજબૂરીથી પૈસા ચૂકવે છે

સુરતઃ જમીન-મિલકતના દસ્તાવેજો સંભાળતી સુરત શહેરની સિટી સર્વે કચેરી આજે ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપોના વંટોળમાં ફસાઈ છે. આશ્ચર્યની વાત એ છે કે જ્યાં સિટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટની કચેરી છે, એ જ કેમ્પસમાં એન્ટી કરપ્શન બ્યુરો (ACB)ની કચેરી કાર્યરત છે, છતાં અહીં ભ્રષ્ટાચાર બેફામ રીતે ફૂલીફાલી રહ્યો હોવાના આક્ષેપો બહાર આવી રહ્યા છે.

સુરત શહેરમાં જમીન-મિલકત સંબંધિત મહત્વપૂર્ણ વિભાગ ગણાતી સિટી સર્વે કચેરીમાં વ્યાપક ભ્રષ્ટાચાર થતો હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. શહેરમાં કુલ સાત સિટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ અને સંલગ્ન અધિકારીઓની જગ્યાઓ ખાલી હોવાથી વહીવટ ખોરવાઈ ગયો છે અને આ પરિસ્થિતિનો લાભ લઈ અરજદારો પાસેથી ખુલ્લેઆમ પૈસા ઉઘરાવવામાં આવી રહ્યા હોવાની ચર્ચા તેજ બની છે. સિટી સર્વે કચેરી દ્વારા કરવામાં આવેલી ભૂલ સુધારવા અરજદાર અરજી કરે ત્યારે પણ તેમને રાહત મળતી નથી. આક્ષેપ મુજબ, ક્ષેત્રફળ સુધારવા માટે ચોરસ મીટર મુજબ ભાવ નક્કી કરાયો છે. એટલે કે કચેરીની ભૂલ સુધારવા પણ અરજદારને કિંમત ચૂકવવી પડે છે, જે સીધી લાંચખોરી તરફ ઈશારો કરે છે. કામ કરાવવાની લાચારીને કારણે ઘણાં અરજદારો રાજીખુશીથી તો ઘણા મજબૂરીવશ પૈસા ચૂકવે છે. ફરિયાદ કરવાની હિંમત કોઈ કરતું નથી, કારણ કે કામ અટકી જવાની ભીતિ સૌને સતાવે છે.

### સાત અધિકારીય જગ્યાઓ ખાલી: ભ્રષ્ટાચાર માટે 'ખુલ્લું મેદાન'

**ઇન્કવાયરી સુપરિન્ટેન્ડન્ટ - ૨,**
**હક ચોક્સી અધિકારી - ૨,**
**ટ્રાઈબલ સરવે મામલતદાર - ૧,**
**સિટી સરવે સુપરિન્ટેન્ડન્ટ - ૨**

### કરોડોના દસ્તાવેજમાં લાખોની ઉઘરાણીનો ખેલ, વેચાણ એન્ટ્રી માટે ખુલ્લેઆમ ટકાવારી

વેચાણ એન્ટ્રી માટે વિસ્તાર મુજબ ટકાવારીનો ખુલ્લો ખેલ ચાલી રહ્યો છે. મળતી માહિતી મુજબ, સિટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ-૨ની કચેરીમાં વેચાણ એન્ટ્રી માટે ખુલ્લેઆમ ટકાવારી બોલાઈ રહી છે. આ ટકાવારી દસ્તા વેજની કુલ કિંમતના આધારે નક્કી થાય છે, એવો ગંભીર આક્ષેપ છે. માત્ર વેચાણ એન્ટ્રી જ નહીં, પરંતુ કરોડો રૂપિયાનાં દસ્તાવેજોને 'સર્ટિફાઇડ' કરાવવા માટે ૧૦ ટકા સુધીની રકમ માગવામાં આવે છે. આ બધું સૌથી વધુ સિટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ-૨ કચેરીમાં થતું હોવાની ચર્ચા શહેરમાં ફેલાઈ છે.

### દાખલા એટેચ કર્યા હોવા છતાં આખી અરજી જ રિજેક્ટ કરી

અરજી સાથે સોગંદનામા (એફિડેવિટ)માં જરૂરી દાખલાઓ જોડાયેલા હોવા છતાં સિટી સર્વે કચેરી દ્વારા આખી અરજી પરત મોકલી દેવામાં આવે છે. જે દાખલાઓ ઓનલાઇન સરળતાથી ચકાસી શકાય છે અને જરૂર પડે તો પત્ર દ્વારા અન્ય કચેરી પાસેથી મંગાવી શકાય તેમ હોવા છતાં, સિટી સર્વે કચેરી અરજદારને રાહત આપવાને બદલે ફાઈલ જ રિજેક્ટ કરી દે છે. પરિણામે અરજદાર ફરીથી નવી અરજી કરવી, દસ્તાવેજો ફરીથી જોડવા અને ફરીથી કચેરીના ચક્કર કાપવા મજબૂર બને છે.




### એન્ટી કરપ્શન બ્યૂરોની ઓફિસના પડછાયામાં જ કરપ્શનનો દાનવ ફૂલ્યો-ફાલ્યો?!

નવાઈની વાત તો તે છે કે, એન્ટી કરપ્શન બ્યુરો એક જ કેમ્પસમાં હોવા છતાં, સિટી સર્વે કચેરીમાં લાંચખોરી અટકતી નથી. આ હકીકત વહીવટીતંત્રની કાર્યક્ષમતા પર સવાલ ઊભા કરે છે. શું ACB અજાણ છે કે પછી બધું જોઈને પણ આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે?

### વિસ્તાર પ્રમાણે 'રેટ કાર્ડ' જેવી સ્થિતિ, કોટ વિસ્તારનો રેટ સૌથી વધુ 20 ટકા

- સિટીલાઈટ વિસ્તાર -૧૫%
- રાંદેર અને વરાછા - ૧૦%
- ઉધના તથા આસપાસ - ૭%
- કોટ વિસ્તાર - ૨૦% (સૌથી વધુ)

# અડાજણ મધુવન સર્કલ પાસે ગાદલાના પાંચ શેડ ખાખ

**રૂના** કારણે આગ ઝડપથી પ્રસરી ગઇ

**બાજુના** ચપ્પલના શેડને ફાયર વિભાગે બચાવી લીધો



સુરતઃ અડાજણ સ્થિત મધુવન સર્કલ નજીક પતરાનાં શેડમાં આજે બપોરનાં સમયે આગ લાગી જવાની ઘટનાને કારણે ભાગદોડ મચી ગઈ હતી. પતરાનાં શેડમાં ગાદલા બનાવવાનું કામકાજ ચાલી રહ્યું હતું અને રૂ હોવાને કારણે આગ ઝડપથી ફેલાઇ ગઇ હતી. દરમિયાન ફાયર કંટ્રોલને તેની જાણ કરવામાં આવતા અડાજણ અને પાલનપુર ફાયર સ્ટેશનોની ટીમ ઘટના સ્થળે પહોંચીને આગ ઓલવવાની કવાયતમાં લાગી હતી.

અડાજણ મધુવન સર્કલ પાસે પતરાનાં અલગ અલગ પતરાનાં શેડો આવેલાં છે. જેમાં આજે બપોરે 12:30 કલાકે ગાદલાનાં શેડમાં આગ લાગી હતી. શેડમાં મોટા પ્રમાણમાં રૂનો જથ્થો અને ગાદલાં હોવાને કારણે આગ ખુબજ ઝડપભેર પ્રસરવા લાગી ગઈ હતી. શેડનાં માલિકે તરત જ ફાયર કંટ્રોલને તેની જાણ કરી હતી. તેથી અડાજણ અને પાલનપુર ફાયર સ્ટેશનોમાંથી ફાયર ફાઈટરોનો કાફલો સ્થળ ઉપર રવાના કરી દેવામાં આવ્યો હતો.

ફાયર સબ ઓફિસર સંપત સુથારનાં જણાવ્યાં મુજબ જે જગ્યાએ આગ લાગી હતી ત્યાં ચારથી પાંચ જેટલાં શેડ હતાં.

બીજા નંબરનાં શેડમાં આગ લાગવાની શરૂઆત થઈ હતી. દરમિયાન અમારી અડાજણની ટીમ તાત્કાલિક સ્થળ ઉપર પહોંચી ગઈ હતી અને તુરંત જ પાણીનો મારો ચલાવવાનુ શરૂ કરી દીધુ હતુ દરમિયાન બાજુમાં આવેલાં જુતા ચપ્પલનાં શેડમાં પણ આગ પ્રસરવા લાગી ગઈ હતી. પણ ફાયર બ્રિગેડની સમયસુચકતાને લીધે તેમાં આગ લાગતા અટકાવી લેવામાં આવી હતી તેથી તેમાં નુકશાન થતા રહી ગયું હતુ. ગાદલા બનાવવાનાં શેડમાં રૂનો જથ્થો, ગાદલા તથા તેની મશીનરીને નુકશાન થયું હતું.અને બાજુનાં શેડમાં આગ ફેલાંતા થોડુ ઘણું નુકશાન થયું હતુ.જો કે આગ લાગવાનુ કોઈ ચોક્કસ કારણ હાલ જાણવા મળ્યુ ન હોવાનુ પણ ફાયર બ્રિગેડનાં સુત્રોએ ઉમેર્યુ હતું.

# પૂંઠાના વેપારીને પૂર્વ ડ્રાઈવરે ચાકુના ઘા ઝીંકી દીધા

**માલિકની** જાણ બહાર મિત્રોને ઓફિસમાં બોલાવી વારંવાર પાર્ટી કરતો હોવાથી કાઢી મૂક્યો હતો

**ગોરાટ** રોડ પર ફોર્ચ્યુનર કાર પાર્ક કરી રહ્યા હતા ત્યારે હુસેન હવાવાલા પર હુમલો કરનારની ધરપકડ

સુરતઃ ગોરાટ રોડ સ્થિત સંગીની એમ્પીરિયા બિલ્ડિંગના પાર્કિંગમાં એક વેપારી પર તેમના ભૂતપૂર્વ ડ્રાઈવરે ચાકુથી હુમલો કર્યો હોવાની ઘટના બની છે. વેપારીને હોસ્પિટલમાં દાખલ કરાયો છે જ્યારે પોલીસે ડ્રાઈવરની ધરપકડ કરી છે.

રાંદેર ગોરાટ રોડ પર સંગીની એમ્પીરિયા બિલ્ડિંગમાં રહેતા મોહંમદ હુસેન ઝાકીર હવાવાલા (ઉંમર ૪૮) ઉન ખાતે 'બોક્સ બોર્ડ સપ્લાયર્સ' નામે પુઠાનો વેપાર કરે છે. ગઈતારીખ 24 ડિસેમ્બરે સાંજે તેઓ તેમના કામ પરથી ઘરે પરત આવ્યા હતા અને બિલ્ડિંગમાં કાર મૂકી તેને લોક કરી રહ્યાં હતાં ત્યારે તેમના પૂર્વ ડ્રાઈવર સુફિયાન શાહે તેમના પર ચાકુથી હુમલો કરી દીધો હતો.

આરોપીએ ગાળો બોલી "તને છોડીશ નહીં" તેવી ધમકી આપી ત્યાંથી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. હુમલા બાદ મોહમદ હવાવાલાએ આરોપીને પકડવા દોડ લગાવી હતી. તે સમયે બિલ્ડિંગનો વોચમેન પણ ઘટના જોઈ પાછળ આવ્યો હતો, પરંતુ સુફિયાન બિલ્ડિંગની કમ્પાઉન્ડ વોલ કુદીને ફરાર થઈ ગયો હતો. તેમણે તેમના પુત્ર નકીલને જાણ કરતાં તે ત્યા પહોંચી ગયો હતો અને તેમને હોસ્પિટલમાં લઇ ગયો હતો. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આરોપી સુફિયાન શાહ અગાઉ મોહમદ હવાવાલાની ગાડીનો ડ્રાઈવર હતો. નોકરી દરમિયાન તે હવાવાલાની જાણ બહાર ઉન સ્થિત ઓફિસમાં મિત્રો બોલાવી વારંવાર પાર્ટીઓ કરતો હોવાનું સામે આવતા તેને નોકરી પરથી કાઢી મૂકવામાં આવ્યો હતો.

જેથી તે અલગ અલગ નંબર પરથી ફોન કરી તેમને મારી નાંખવાની ધમકી આપતો હતો. જો કે તેમણે આ તમામ નંબર બ્લોક કરી દીધા હતા. પોલીસે ગઈકાલે રાત્રે જ આરોપી મોહંમદ સુફિયાનની ધરપકડ કરી લીધી છે.

## ગ્લોબલ માર્કેટના વેપારી સાથે 7.87 લાખની ઠગાઈ

સુરતઃ કડોદરા અરીહંત પાર્ક સ્થિત શિવકૃપા રેસીડેન્સીમાં રહેતા અશોકકુમાર રમેશકુમાર પ્રજાપતિ ઉમરવાડા ગ્લોબલ ટેક્સટાઈલ માર્કેટમાં કાપડનો વેપાર કરે છે. કર્ણાટકના બેંગલુરુ શહેરના એવન્યુ પ્લાઝાની 'મયુરી ક્રિએશન'ના નામે વેપાર કરતો સુરેશ બાબુ નામનો વેપારી દલાલ જીતુ મારફતે અશોકકુમારના સંપર્કમાં આવ્યો હતો. તેમણે તેમની પાસેથી કુલ રૂ. 7,87,745ની કિંમતનો માલ ખરીદ્યો હતો. પેમેન્ટનો સમય વીતી ગયા પછી પણ સુરેશ બાબુ અને દલાલ જીતુએ ખોટા વાયદાઓ કર્યા હતા અને દુકાન બંધ કરી પલાયન થઇ ગયા હતાઅશોકકુમારે વરાછા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા વરાછા પોલીસે કર્ણાટકના વેપારી સુરેશ બાબુ અને દલાલ જીતુ સામે છેતરપિંડીનો ગુનો નોંધ્યો છે.

# ક્રિસમસીયા ઠંડી શરૂ, ન્યૂનત્તમ તાપમાન 1.6 ડિગ્રી ઘટીને 16.6

**મહત્તમ** તાપમાન નજીવું ઘટીને 32.6 ડિગ્રી, છતાં સક્રિય પવનોથી દિવસે ઠંડક અનુભવાઈ

સુરતઃ સુરત શહેરમાં ગઈકાલની સરખામણીમાં આજે તાપમાનમાં નરમ પરંતુ સ્પષ્ટ ફેરફાર નોંધાયો છે. હવામાન વિભાગના આંકડાઓ મુજબ મહત્તમ તાપમાનમાં નગણ્ય ઘટાડો થયો છે, જ્યારે ન્યૂનતમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થતાં સવાર અને રાત્રિના સમયે ઠંડીનો અહેસાસ વધ્યો છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ 25 ડિસેમ્બરે સુરતમાં મહત્તમ તાપમાન 32.8 ડિગ્રી અને ન્યૂનતમ તાપમાન 18.2 ડિગ્રી નોંધાયું હતું, જે 26 ડિસેમ્બરે ઘટીને અનુક્રમે 32.6 ડિગ્રી અને 16.6 ડિગ્રી રહ્યું છે. આ મુજબ ન્યૂનતમ તાપમાનમાં 1.6 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાયો છે. દિવસ દરમિયાન ગરમી યથાવત રહી હોવા છતાં સવાર-સાંજ ઠંડીમાં વધારો થયો છે. આ સાથે હવામાં ભેજનું પ્રમાણ પણ વધીને 50 ટકા થયું હતું. પવનની દિશા ઉત્તરથી બદલાઈ ઉત્તર-પૂર્વ થઈ છે અને તેની ઝડપ અંદાજે 6 કિમી પ્રતિ કલાક રહી હતી.

### 31મીથી માવઠાની સ્થિતિ સર્જાસે

હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ, 28 ડિસેમ્બરની આસપાસ ઉત્તર ભારતના પહાડી વિસ્તારોમાં એક મધ્યમથી સક્રિય વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પ્રવેશ કરશે. આ સિસ્ટમની અસર હેઠળ 31 ડિસેમ્બર આસપાસ ગુજરાતમાં વાદળછાયું વાતાવરણ જોવા મળશે. હાલમાં એક પછી એક બેક ટુ બેક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાને કારણે રાજ્યભરમાં લઘુત્તમ તાપમાનમાં વધ-ઘટ થતી રહેશે. જેના કારણે રાજ્યમાં ભેજ વધશે અને માવઠા માટેની પરિસ્થિતિ સર્જાશે.

## અમરોલીમાં પત્ની સાથે ઝઘડો થયા બાદ યુવકે ફાંસો ખાધો

સુરતઃ અમરોલીમાં પત્ની સાથે ઝઘડો થયા બાદ યુવકે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મૂળ મહારાષ્ટ્રના વતની 32 વર્ષીય વિજયભાઈ ગોપીભાઈ પવાર મોલમાં હાઉસ કિપિંગનું કામ કરતાં હતા અને હાલ અમરોલી વિસ્તારમાં આવેલ મનીષાનગર સોસાયટીમાં પરિવાર સાથે રહેતા હતા.તેમને કોઈ યોગ્ય કામ નહીં મળતા તેમની પત્ની બે પુત્રને લઈ પુના ખાતે પિયરમાં રહેવા જતી રહી હતી. ગુરુવારે રાત્રે પણ તેમનો પત્ની સાથે મોબાઈલ ફોનમાં ઝઘડો થયો હતો. બાદમાં વિજયભાઈએ ઘરમાં પંખા સાથે દોરી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

## 1.29 કરોડના સોનાની ઠગાઈના કેસમાં આરોપીને જામીન

સુરતઃ રૂા.૧.૨૯ કરોડની સોનાની છેતરપિંડીનાં કેસમાં આરોપી નીશીતભાઈ નરેન્દ્રભાઈ પચ્ચીગરની જામીનઅરજી સેશન્સ કોર્ટ મંજૂર કરી છે. ફરિયાદી પીનલભાઈ અરવિંદલાલ કાપડીયાએ અઠવા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી કે અડાજણ ગ્રીનવેલીમાં રહેતા આરોપી નીશીતભાઈ નરેન્દ્રભાઈ પચ્ચીગર આર.એન. જવેલર્સના નામથી જૂના દાગીનાનાં નવા દાગીનાં બનાવી આપવાનું કામ કરે છે. જેઓને ફરિયાદી તથા અન્યોએ ૧.૨૯ કરોડના જૂના દાગીના નવા દાગીના બનાવવા માટે મજૂરીથી આપ્યા હતા.

પરંતુ આરોપીએ નવા દાગીના બનાવી નહીં આપી જૂના દાગીના પણ પરત નહીં આપી છેતરપિંડી કરી હતી. આરોપીએ વકીલ નદીમ ચૌધરી મારફતે કોર્ટમાં જામીનઅરજી કરી હતી. આરોપી પક્ષે કેટલાક કારીગરો સોનું લઈને નાસી ગયા છે અને ૬૦ વર્ષ જૂની પેઢી હોવાની દલીલ કરવામાં આવી હતી. બંને પક્ષની દલીલો બાદ કોર્ટે આરોપીના જામીન મંજૂર કર્યા છે.

# મોબાઈલ હેક કરતી ગેંગનો સાગરીત મુંબઈથી ઝડપાયો

**વોટ્સ** એપ દ્વારા RTO ઈ-ચલણની APK ફાઈલ મોકલી બેન્કમાંથી 5.02 લાખ રૂપિયા ગબન કર્યા હતા

### આરોપી ટ્રાન્ઝેક્શન દીઠ 20 ટકા કમિશન લેતો હતો

તપાસમાં ખુલ્યું છે કે ફરિયાદીના દીકરાના ખાતામાંથી 1,47,954નું ક્રેડિટ કાર્ડ બિલ પેમેન્ટ થયું હતું, જે રકમ નાસતા ફરતા મુખ્ય આરોપી મારફતે ચૂકવાઈ હતી. આ વ્યવહારમાં નિશીતને 20 ટકા કમિશન મળતું હતું. બાકીની રકમ CDM મશીન મારફતે વિવિધ બેંક ખાતાઓમાં જમા કરાવવામાં આવતી હતી.

સુરતઃ વોટ્સએપ પર બનાવટી ડિજિટલ RTO ઈ-ચલાણની APK ફાઈલ મોકલી મોબાઈલ હેક કરી બેંક ખાતામાંથી રૂપિયા ઉડાવી જતી સાયબર ગેંગના એક સક્રિય સભ્યને સુરત શહેર સાયબર ક્રાઈમ સેલે મુંબઈથી ઝડપી પાડ્યો છે. આ કેસમાં ફરિયાદીના દીકરાના ખાતામાંથી રૂ.5.02 લાખ ગબન કરી દેવાયા હતા. પાંડેસરાના શીતલાપ્રસાદ ધર્મરાજ સિંહે સાયબર ક્રાઈમ હેલ્પલાઈન 1930 પર નોંધાવેલી ફરિયાદ મુજબ ગત 20/11/2025ના રોજ કોઈ અજાણ્યાએ તેમના દીકરાના મિત્ર રાકેશ શર્માના વોટ્સએપ પર બનાવટી ડિજિટલ RTO E-Challan. APK ફાઈલ મોકલી હતી. ત્યારબાદ આ ફાઈલ મિત્રોના વોટ્સએપ ગ્રુપમાં ફેલાવવામાં આવી હતી. ફરિયાદીના દીકરાએ આ ફાઈલ સાચી માનીને પોતાના મોબાઈલમાં ડાઉનલોડ કરતા જ તેની જાણ બહાર ફોન હેક થયો હતો.

હેકિંગ બાદ આરોપીઓએ ફરિયાદીના દીકરાના બેંક એકાઉન્ટમાંથી ટુકડે-ટુકડે કરીને કુલ રૂ.5,02,562 ટ્રાન્સફર કરી છેતરપિંડી આચરી હતી. સાયબર ક્રાઈમ સેલે ગુનો દાખલ કરી બેંકો પાસેથી જરૂરી ટેકનિકલ વિગતો એકત્ર કરી, ટ્રાન્ઝેક્શન ટ્રેઈલ અને ડિજિટલ પુરાવાના આધારે એક ટીમને મુંબઇ મોકલી હતી. તપાસ દરમિયાન આરોપી નિશીત હર્ષદભાઈ સુરેશભાઇ નથવાણી (ઉ.વ. 24, ધંધો - લોન કન્સલ્ટન્સી, મૂળ આણંદ અને હાલ રાજકોટ) ગુનામાં સંકળાયેલો હોવાનું ખુલતા પોલીસે તેને મુંબઈથી ઝડપી પાડી કોર્ટમાં રજૂ કરી ત્રણ દિવસના પોલીસ કસ્ટડીના રિમાન્ડ મેળવ્યા છે.

# દરોમાં સુધારાને પગલે સુરતમાં GST રિફંડના દાવાઓમાં ખાસ્સો ઘટાડો

**ટેક્સટાઈલ** ઉપરાંત કેમિકલના વ્યવસાયીઓની રિફંડની અરજી નોંધપાત્ર રીતે ઘટી, વિવાદોમાં પણ ઘટાડાની આશા

સુરતઃ ૨૨મી સપ્ટેમ્બરથી અમલમાં આવેલા જીએસટી સુધારાઓ હેઠળ આશરે ૩૭૫ વસ્તુ અને સેવાઓ પર દરોમાં ઘટાડો કરવામાં આવ્યો હતો.

ચાર દરવાળા માળખાને મુખ્યત્વે ૫% અને ૧૮% સુધી સીમિત કરવાનો નિર્ણય લેવાયો હતો. આ પગલાંથી ઈન્વર્ટેડ ડ્યૂટી સ્ટ્રક્ચર અને વિવાદોમાં ઘટાડો થવાની અપેક્ષા ફળી રહી છે.

સુરત શહેરમાં પણ આ જીએસટીમાં નવી જોગવાઈને કારણે રિફંડના દાવાઓમાં ખાસ્સો ઘટાડો થયો હોવાનું જાણવા મળ્યું છે. ખાસ કરીને ટેક્સટાઈલના વ્યવસાયમાં રિફંડ અરજીની સંખ્યા ખૂબ જ મોટી સંખ્યામાં રહેવા પામતી હતી, જેમાં ખાસ્સો ઘટાડો થયો છે.

જ્યારે પ્રોસેસ હાઉસમાં કે જેઓ કેમિકલના વ્યવસાય સાથે સંકળાયેલાનો રિફંડની રકમનો આંક પણ ખૂબ જ મોટો રહેતો હતો, તેમાં પણ રિફંડ અરજીમાં ઘટાડો થયો છે.

જીએસટીના સ્લેબમાં ધરખમ સુધારા થયા બાદ રિફંડની પ્રક્રિયા પણ ખૂબ જ સરળ બનાવી દેવામાં આવી છે. ઈન્વર્ટેડ ડ્યૂટી અંતર્ગત રિફંડ અરજી કરવામાં આવે તો માત્ર ૧૫ દિવસમાં જે તે અધિકારીએ ૯૦ ટકા પ્રોવિઝનલ રિફંડ રિલીઝ કરવાનું હોય છે.

જ્યારે બાકીના ૧૦% રિફંડ જરૂરી વેરિફિકેશન બાદ ૪૫થી ૬૦ દિવસમાં નિર્ણય લેવામાં આવે છે, જેને પગલે હવેથી વિવાદોમાં ઘટાડો જોવા મળશે.


Central Bank of India
સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા
सेन्ट्रल बैंक ऑफ इंडिया
રીજનલ ઓફિસ : ૧લો માળ, નરીમાબાદ, અઠુગર સ્ટ્રીટ, નાનપુરા, સુરત-૩૯૫ ૦૦૧. ફોન : ૦૨૬૧-૨૪૬૫૮૪૧, ૨૪૬૫૮૪૨

**ઈ-હરાજી થી વેચાણ નોટીસ** (સરફેસી એક્ટ - ૨૦૦૨ હેઠળ) (પરિશિષ્ટ-૪(એ) (નિયમ ૮(૬) જુઓ)

**તા. ૩૦.૦૧.૨૦૨૬ ના રોજ સ્થાવર મિલકતની વેચાણ થી વેચાણ નોટીસ**

**ધી સિક્યોરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ સાથે નિયમ ૮(૬) સાથે વંચાતી ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોનું ઈ-હરાજીથી વેચાણ નોટીસ.**

નોટીસ આમ સામાન્ય રીતે જાહેર જનતાને આપવામાં આવે છે અને ખાસ કરીને ઉધારકર્તા(ઓ) / જામીનદારો (ઓ)ને આપેલ છે, નીચે જણાવેલ સ્થાવર મિલકતો, સુરક્ષિત ક્રેડીટ ધારક બંધારણીય / ચાર્જ કરાઈ છે. તેના પર **કબજો** લેવામાં આવે છે. **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા**ના અધિકૃત અધિકારીએ બેંકના બાકી રકમની વસૂલાત માટે તા. ૩૦.૦૧.૨૦૨૬ ના રોજ **"જેમ છે ત્યાં છે" "જેમ છે તે છે"** અને **"ત્યાં જે છે ત્યાં"** ધોરણે અને ઓનલાઈન વેબપોર્ટલ હેઠળ : https://ebkray.in (PSB Alliance Pvt. Ltd.) વેચવામાં આવશે. અનામત કિંમત અને ઈએમડી અને અન્ય વિગતો નીચે જણાવેલ કોષ્ટકમાં આપેલ છે. વેચાણની વિગતવાર નિયમો અને શરતો માટે સિકયોર્ડ ક્રેડીટરએ કૃપા કરીને અમારી વેબસાઈટ : www.centralbankofindia.co.in થી માહિતી મેળવી શકશો.

**નીચે જણાવેલ સ્થાવર મિલકતોની વિગત**

| અ. નં. | કરજદાર / જામીનદાર અને શાખા નું નામ | ૧૩(૨)નોટીસની તારીખ અને રકમ | સ્થાવર મિલકતોની વિગત | પઝેશનની તારીખ અને પ્રકાર | અનામત કિંમત રૂા./ ઈએમડી રૂા./ બીડ ગુણાંકમાં રૂા | અધિકૃત અધિકારીનું નામ અને શાખાનું સંપર્ક નં. |
|---|---|---|---|---|---|---|
| ૧. | શ્રી સુજીતકુમાર કેદારનાથ ગુપ્તા (કરજદાર), શ્રીમતી રાગિની સુજીતકુમાર ગુપ્તા (સહ-કરજદાર) (પાલ શાખા) | રૂા. ૧૦,૬૫,૫૨૮/- તા. ૨૯.૦૨.૨૦૨૪ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે પ્લોટ નં. ૪૩, આશરે ક્ષેત્રફળ ૪૮.૦૦ સ્કે. મીટર, સિલીકોન રેસીડેન્સી, મોજે-જોળવા, તાલુકા-પલસાણા, જિ. સુરત-૩૯૪૩૦૫ ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમાઃ● પુર્વે :** સોસાયટી નો ઈન્ટરનલ રોડ, ● **પશ્ચિમે :** પ્લોટ નં. બી/૪૩, ● **ઉત્તરે :** પ્લોટ નં. ૪૨, ● **દક્ષિણે :** પ્લોટ નં. ૪૪. | ૨૩.૧૦.૨૦૨૪ પ્રત્યક્ષ કબજો | રૂા. ૯,૦૦,૦૦૦/-<br>રૂા. ૯૦,૦૦૦/-<br>રૂા. ૧૦,૦૦૦/- | શ્રી ગુંજન ગટાણી ચીફ મેનેજર, રીજનલ ઓફિસ, સુરત (મો) :+૯૧-૮૨૩૯૪૫૨૫૪૮ |
| ૨. | શ્રી રમેશભાઈ પંચાભાઈ ભરવાડ (કરજદાર) (અડાજણ શાખા) | રૂા. ૨૫,૪૬,૧૫૮.૦૩ તા. ૧૨.૧૨.૨૦૨૩ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે પ્લોટ નં. બી/૨૪/એ, પૈકી, પુર્વ બાજુનો અડધો ભાગ, શિવ આવાસ કો. ઓપ. હાઉસિંગ સોસાયટી વિભાગ-૨, કામરેજ, સુરત, ક્ષેત્રફળ ૪૩.૪૫ સ્કે. મીટર સાથે અવિભાજીત સરખા ભાગનો હિસ્સાનો ક્ષેત્રફળ ૫૨.૦૦ સ્કે. યાર્ડ, ડેવલોપોડ જમીનનો આર.એસ નં. ૪૭૬ અને ૪૭૭, બ્લોક નં. ૪૪૩ અને ૪૪૪, તાલુકા-કરંજ, મોજે ગામ-કામરેજ, જિ.સુરત ગુજરાત ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમાઃ● પુર્વે :** પ્લોટ નં. બી/૨૩, ● **પશ્ચિમે :** પ્લોટ નં. બી/૨૪ પૈકી, ● **ઉત્તરે :** રોડ થી સંકળાયેલ, ● **દક્ષિણે :** રોડ થી સંકળાયેલ. | ૦૯.૦૯.૨૦૨૫ પ્રત્યક્ષ કબજો | રૂા. ૧૩,૯૦,૦૦૦/-<br>રૂા. ૧,૩૯,૦૦૦/-<br>રૂા. ૧૦,૦૦૦/- | બ્રજેશ તિવારી ચીફ મેનેજર, અડાજણ શાખા, સુરત (મો) :+૯૧-૭૫૬૭૮૮૩૮૫૯ |
| ૩. | શ્રી ભાવેશભાઈ દિનેશભાઈ ડોમાડીયા (કરજદાર), શ્રીમતી રીતાબેન ભાવેશભાઈ ડોમાડીયા (સહ-કરજદાર) (વરાછા શાખા) | રૂા. ૮,૨૧,૩૫૩/- તા. ૨૯.૦૨.૨૦૨૪ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | ૧) જે મિલકતનો ફલેટ નં. ૪૦૩, ચોથો માળ, ક્ષેત્રફળ ૫૪૫ સ્કે.ફીટ યાને કે ૫૦.૬૫ સ્કે.મીટર સુપર બિલ્ટ અપ એરીયા અને ૩૬૬.૨૭ સ્કે. ફીટ યાને કે ૩૪.૦૪ સ્કે.મીટર બિલ્ટ અપ એરીયા સાથે અવિભાજીત સરખા ભાગની જમીન, પ્લાન મુજબ રોડ અને પાર્કિંગનો ક્ષેત્રફળ ૧૮.૪૯ સ્કે.મીટર અને ૨.૦૭ સ્કે.મીટર સી.ઓ.પી., કુલ ૨૦.૫૬ સ્કે.મીટર, બિલ્ડીંગ નં. ઈ/૧, ભક્તિધારા રેસીડેન્સી, જે સ્થિત જમીનનો સર્વે નં. ૫૬, ૫૭, ૫૯ પૈકી, બ્લોક નં. ૧૩૦, ગામ-સાયણ ગોથાણ, સબ જિ. ઓલપાડ, સુરત-૩૯૪૧૩૦ ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમાઃ● પુર્વે :** બિલ્ડીંગ નં. ઈ/૨, ● **પશ્ચિમે :** ફલેટ નં. ઈ/૧-૪૦૪, ● **ઉત્તરે :** ફલેટ નં. ઈ/૧-૪૦૨, ● **દક્ષિણે :** ઈન્ટરનલ રોડ.<br>૧) જે મિલકતનો ફલેટ નં. ૪૦૪, ચોથો માળ, ક્ષેત્રફળ ૫૪૫ સ્કે.ફીટ યાને કે ૫૦.૬૫ સ્કે.મીટર સુપર બિલ્ટ અપ એરીયા અને ૩૬૬.૨૭ સ્કે. ફીટ યાને કે ૩૪.૦૪ સ્કે.મીટર બિલ્ટ અપ એરીયા સાથે અવિભાજીત સરખા ભાગની જમીન, પ્લાન મુજબ રોડ અને પાર્કિંગનો ક્ષેત્રફળ ૧૮.૪૯ સ્કે.મીટર અને ૨.૦૭ સ્કે.મીટર સી.ઓ.પી., કુલ ૨૦.૫૬ સ્કે.મીટર, બિલ્ડીંગ નં. ઈ/૧, ભક્તિધારા રેસીડેન્સી, જે સ્થિત જમીનનો સર્વે નં. ૫૬, ૫૭, ૫૯ પૈકી, બ્લોક નં. ૧૩૦, ગામ-સાયણ ગોથાણ, સબ જિ. ઓલપાડ, સુરત-૩૯૪૧૩૦ ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમાઃ● પુર્વે :** બિલ્ડીંગ નં. ઈ/૧-૪૦૩, ● **પશ્ચિમે :** સી.ઓ.પી., ● **ઉત્તરે :** ફલેટ નં. ઈ/૧-૪૦૧, ● **દક્ષિણે :** ઈન્ટરનલ રોડ. | ૦૫.૧૦.૨૦૨૪ પ્રત્યક્ષ કબજો | રૂા. ૭,૮૩,૦૦૦/-<br>રૂા. ૭૮,૩૦૦/-<br>રૂા. ૧૦,૦૦૦/- | શ્રી ગુંજન ગટાણી ચીફ મેનેજર, રીજનલ ઓફિસ, સુરત (મો) :+૯૧-૮૨૩૯૪૫૨૫૪૮ |
| ૪. | શ્રી હર્ષ કરશનભાઈ પટેલ (કરજદાર), શ્રીમતી રમીલાબેન હરેશભાઈ પટોલીયા (સહ-કરજદાર) (અલથાણ શાખા) | રૂા. ૩૦,૯૧,૫૧૩/- તા. ૦૪.૧૧.૨૦૨૩ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે પ્લોટ નં. ૨૯૮, આશરે ક્ષેત્રફળ ૭૨.૩૪ સ્કે.મીટર, અમૃત વિલા વિભાગ-૧, આર.એસ. નં. ૩૦૬, બ્લોક નં. ૨૮૯, મોજે-કામરેજ, સબ જિ. કામરેજ, જિ. સુરત - ૩૯૪૧૮૫ ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમાઃ● પુર્વે :** સોસાયટીનો રસ્તો, ● **પશ્ચિમે :** પ્લોટ નં. ૨૪૩, ● **ઉત્તરે :** પ્લોટ નં. ૨૯૭, ● **દક્ષિણે :** પ્લોટ નં. ૨૯૯. | ૨૬.૦૧.૨૦૨૫ પ્રત્યક્ષ કબજો | રૂા. ૨૨,૩૫,૦૦૦/-<br>રૂા. ૨,૨૩,૫૦૦/-<br>રૂા. ૧૦,૦૦૦/- | સોની કુમારી ચીફ મેનેજર, અલથાણ શાખા, સુરત (મો) :+૯૧-૭૫૭૪૮૮૪૯૭૫ |
| ૫. | મે. સુમન વીવેસના પ્રોપરાઈટર સરોજ હેમંત પારેખ (સહારા દરવાજા ટેક્ષટાઈલ માર્કેટ શાખા) | રૂા. ૧,૩૯,૭૪,૭૩૨/- તા. ૨૩.૦૯.૨૦૨૫ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે મિલકતનો ફલેટ નં. એ-૮૦૧, આઠમો માળ, ક્ષેત્રફળ ૨૧૦૦.૦૦ સ્કે. ફીટ યાને કે ૧૯૫.૧૭ સ્કે.મીટર સુપર બિલ્ટ અપ એરીયા અને ૧૨૫૧.૭૬ સ્કે.ફીટ યાને કે ૧૧૬.૩૪ સ્કે.મીટર, બિલ્ટ અપ એરીયા સાથે અવિભાજીત સરખા ભાગના હિસ્સાની જમીન પર બિલ્ડીંગ-એ, નંદનવન, જે સ્થિત બાંધકામ વાળી જમીનનો રેવન્યુ સર્વે નં. ૧૬૫, રીવીઝન સર્વે નં. ૯૪, પ્રારંભિક ટી.પી. સ્કીમ નં. ૨, ફાઈનલ પ્લોટ નં. ૬૮, ક્ષેત્રફળ ૧૨૪૧૦ સ્કે.મીટર, ગામ-વેસુ, સબ જિ. સિટી સુરત, જિ.સુરત ખાતે આવેલ તમામ હક્ક અને હિસ્સા વાળી મિલકત. **ચતુરસીમાઃ● પુર્વે :** એન્ટરેન્સ, પેસેજ અને લીફ્ટ, ● **પશ્ચિમે :** ખુલ્લુ આકાશ, ● **ઉત્તરે :** ફલેટ નં. એ-૮૦૨, ● **દક્ષિણે :** ખુલ્લુ આકાશ | ૦૫.૧૨.૨૦૨૫ સાંકેતિક કબજો | રૂા. ૭૮,૮૪,૦૦૦/-<br>રૂા. ૭,૮૮,૪૦૦/-<br>રૂા. ૫૦,૦૦૦/- | હિમાંશુ રંજન ચીફ મેનેજર, સહારા દરવાજા ટેક્ષટાઈલ માર્કેટ શાખા, સુરત (મો) :+૯૧-૯૯૦૯૯૪૮૮૭૧ |

**નિરીક્ષણની તારીખ અને સમય : તા. ૨૩.૦૧.૨૦૨૬ બપોરે ૧૨.૦૦ થી ૩.૦૦ કલાકે**

**ઈ-હરાજીની તારીખ અને સમય : ૩૦.૦૧.૨૦૨૬ બપોરે ૧૨.૦૦ થી ૪.૦૦ કલાકે (બંધ કરતા પહેલા ૧૦ મિનિટનું ઓટો એક્ટેન્શન સાથે)**

- મિલકત પરના કરભાણની બેંકને ખબર હોય તેવી વિગત : ખબર નથી.
- ઈ-હરાજી વેચાણમાં ભાગ લેવા માટે, ઈચ્છુક બીડરોએ પોતાની વિગતો સર્વિસ પ્રોવાઈડર : https://ebkray.in (PSB Alliance Pvt. Ltd.)ને વહેલી તકે રજીસ્ટર કરાવી યુઝર આઈડી અને પાસવર્ડ મેળવી લેવા. બીડરો https://ebkray.in (PSB Alliance Pvt. Ltd.) ની મુલાકાત લે જ્યાં બીડરો માટે શૈક્ષણિક વિડયો સાથે ગાઈડલાઈન્સ ઉપલબ્ધ છે. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે મહેરબાની કરીને બેંકની વેબસાઈટ : www.centralbankofindia.co.in પર આપેલ લિંક જુઓ.
- વધુ જાણકારી માટે -સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, રીજનલ ઓફિસ, સુરત , શ્રી ગુંજન ગટાણી (ચીફ મેનેજર) મો. :+૯૧- ૮૨૩૯૪૫૨૫૪૮નો સંપર્ક કરી શકશો.
- વેચાણની શરતો અને નિયમો સિક્યોરીટી ઈન્ટરેસ્ટ નિયમો (એન્ફોર્સમેન્ટ), નિયમો ૨૦૦૨ની જોગવાઈઓ મુજબની જ રહેશે.

**સરફેસી કાયદા ૮(૬), ૨૦૦૨ અંતર્ગત ૩૦ દિવસની નોટીસ**

સુરક્ષિત લેણદારોની બાકી રકમની વસૂલાત તરફથી સ્થાવર મિલકતોના વેચાણ માટે ઉધારકર્તા/જામીનદારો/ ગિરવેદારોને સૂચિત કરવામાં આવે છે.

સહી/- અધિકૃત અધિકારી સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા

તારીખ : ૨૬.૧૨.૨૦૨૫
સ્થળ : સુરત

(વિવાદીત સ્થિતી અંગ્રેજી જાહેર ખબર માન્ય રહેશે.)